સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં જવા લોન આપવા બાબત. ૧

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-સશપ/૧૧૨૦૦૦/ન.બા.-૧/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૩-૧૨-૨૦૦૧

ઠરાવ :-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિના કારણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જઈ શકતા નથી. આથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓને તે માટે લોન આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માટે નીચે જણાવ્યા પ્રમાણેની શરતોને આધીન લોન આપવાની યોજના અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ગુજરાત રાજયના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓએ જે તે વિદ્યાશાખામાં વિશેષ યોગ્યતા મેળવેલ હોય કે અદ્વિતીય ઉપલબ્ધી પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીને ભારત સરકારના માનવ સંશાધન અને વિકાસ મંત્રાલય દ્વારા માન્ય અભ્યાસક્રમ અને સંસ્થાની માન્યતાની ચકાસણી કર્યા બાદ વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષા, પી.એચ.ડી. તેમજ ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે લોન આપવાની રહેશે.

(૨) આ લાભ એક કુટુંબના એક સંતાનને મળવાપાત્ર થશે. આ યોજનામાં કુટુંબની આવક મર્યાદા ધ્યાને લેવામાં આવશે નહી.

(૩) પરદેશમાં વધુ અભ્યાસ માટે જતા પહેલાં અરજદારે પાસપોર્ટ, સ્ટુડન્ટ વીસા તેમજ વિદેશની માન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મળવા અંગેના આધાર પુરાવાઓ રજુ કરવાના રહેશે.

(૪) અભ્યાસ અંગે થનાર અંદાજિત ખર્ચના આધાર-પુરાવા સબંધિત સંસ્થા પાસેથી મેળવી અરજદારે રજુ કરવાના રહેશે.

(૫) આ યોજના અંતગર્ત આપવાની લોનમાં પરદેશમાં થનાર ખર્ચની રકમ:- જેમાં અભ્યાસક્રમની ફી, ભોજન ખર્ચ, નિવાસ ખર્ચ, અભ્યાસક્રમને લગતો પ્રવાસ ખર્ચ, પુસ્તકો તેમજ અભ્યાસ માટે જરુરી અન્ય સાધનો તેમજ જવા આવવાના ખર્ચનો જ સમાવેશ કરવાનો રહેશે. તદ્ઉપરાંત પ્રમાણસર ખિસ્સા ખર્ચની રકમનો પરચુરણ ખર્ચ તરીકે સમાવેશ કરવાનો રહેશે.

--૨--

આ યોજના હેઠળ મળવાપાત્ર લોનની રકમ મહત્તમ રૂા. ૫,૦૦,૦૦૦/-(અંકે રુપિયા પાંચ લાખ પુરા) ની મર્યાદાને આધીન રહીને મંજુર કરવાની રહેશે. અભ્યાસક્રમની મુદત ૧(એક) વર્ષથી વધુ હોય તો પ્રમાણસર વાર્ષિક હપ્તામાં રકમ ફાળવવાની રહેશે. પ્રતિવર્ષ એક વિધાર્થીને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

(૬) લોન પેટે અપાયેલ રકમ પર વાર્ષિક ૪% ના દરે વ્યાજ લેવાનું રહેશે.

(૭) અભ્યાસક્રમ પુરો થયેથી એક વર્ષ બાદ લોન તથા વ્યાજની રકમની વસુલાત લાભાર્થીની અનુકુળતા મુજબ માસિક/ત્રિમાસિક હપ્તાઓમાં કરવામાં આવશે. લોનની રકમની વસુલાત મહત્તમ ૧૦ વર્ષમાં અને વ્યાજની રકમની વસુલાત મહત્તમ બે વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. મૂળ રકમ ભરપાઈ થયા બાદ વ્યાજ વસુલ કરવાનુ રહેશે.

(૮) લોન તથા વ્યાજની રકમ નિયમિત ભરપાઈ કરવામાં કસુરવાર થયેથી ૨.૫ % લેખે દંડનીય વ્યાજ લેવાનું રહેશે.

(૯) લાભાર્થીએ બે સધ્ધર જામીનદારો રજુ કરવાના રહેશે.

(૧૦) આ યોજના હેઠળ લોન મેળવનાર લાભાર્થીએ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારત દેશમાં ઓછામાં ઓછી પાંચ વર્ષ માટે આપવાની રહેશે. જો લાભાર્થી પરદેશમાં સ્થાયી થશે તો આવી લોનની રકમ વ્યાજ સાથે એક સામટી રાજ્ય સરકારને પરત કરવાની રહેશે. આમાં કોઈ છૂટછાટ આપવામાં આવશે નહી. જો લાભાર્થી આવી રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તે રકમ તેના જામીનદારો પાસેથી સરખા ભાગે વસુલ કરવામાં આવશે અને જો જામીનદારો આ રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તેમની પાસેથી તે રકમ જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવામાં આવશે.

(૧૧) આવા અભ્યાસક્રમમાં દાખલ થવા ઈચ્છતા ઉમેદવારોના કોઈ સગાસબંધી વિદેશમાં રહેતા હોય તો વિધાર્થીને તેઓ ઘ્વારા નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઈએ નહી.

(૧૨) લાભાર્થીએ તેને લોનના નાણાં મળ્યાની તારીખથી એક મહીનાની અંદર અભ્યાસક્રમ શરુ કરવાનો રહેશે. વળી લાભાર્થીએ તેના અભ્યાસક્રમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ સબંધિત શૈક્ષણિક સંસ્થામાંથી મેળવીને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને નિયમિત રજુકરવાનો રહેશે.

૨/- આ યોજના હેઠળ ઉમેદવારની અરજી મેળવી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી જરુરી સંપૂર્ણ ચકાસણી કરી મંજૂરી આપવાની રહેશે. અને અરજદાર પાસેથી યોગ્ય સ્વરુપમાં એગ્રીમેન્ટ લેવામાં આવે તેમજ તમામ શરતોનું પાલન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રીની રહેશે. તેમજ જો કોઈ શરતભંગ થાય તો તે અંગે કાયદેસરની કાર્યવાહી કરવાની સત્તા વિકસતી જાતિ કલ્યાણ નિયામકશ્રીને રહેશે.

૩/- આ યોજના માટે વર્ષ ૨૦૦૧-૨૦૦૨ ના અંદાજપત્રમાં વિભાગ-૧ ની નવી બાબત તરીકે કરેલી રૂા. ૫.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરીઆપવામાં આવે છે.

— ૩ —

૪/- આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર-૬૨૨૫ અનુ.જાતિઓ અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે લોન-ગૌણ સદર-૨૭૭ શિક્ષણ બી.સી.કે. ૨૦૫, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે વિધાર્થીઓને લોન હેઠળ ઉધારવાનુ રહેશે.

૫/- આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૨/૧૧/૨૦૦૧ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રી ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)નુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર
શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, જુના સચિવાલય,ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ડા. જે. એમ. ભવન, ગાંધીનગર -
આ સંદર્ભમાં જરુરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ..
સર્વે નાયબ નિયામકશ્રીઓ/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ
સેકશન અધિકારીશ્રી(નાણાં શાખા) સા.ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
વિભાગની જ, ગ, બજેટ અને અ--૧ શાખાઓ,
ધ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
પસંદગી ફાઈલ સે.અ./નાયબ સે.અ./શાખા.
વાળદ/એ/